## ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ & એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ ગુજરાત સરકાર, ઓફીસ: જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર

### મોક રાઉન્ડ અને પ્રથમ રાઉન્ડની ઓનલાઇન ચોઈસ ફીલિંગ માટેની જાહેરાત

ફીઝીઓથેરાપી ,બી.એસ.સી. (નર્સિંગ), જી.એન.એમ ,એ.એન.એમ. ઓર્થોટીક અને પ્રોસ્થેટીક, ઓપ્ટોમેટ્રિ, ઓક્યુપેશનલ થેરાપી અને ઓડીઓલોજી અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજી , માટેની પ્રવેશ માટે લાયકાત ધરાવતા અને મેરિટ લિસ્ટમાં સામેલ હોય એવા તમામ ઉમેદવારો **માટે મોક રાઉન્ડ અને પ્રથમ** રાઉન્ડની ઓનલાઇન ચોઈસ ફીલિંગ માટેનો કાર્યક્રમ નીચે મુજબ છે. ચોઈસ ભરવા માટે www.medadmgujarat.org વેબસાઈટ પર લોગ ઇન થવું.

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧ | મોક રાઉન્ડ - ચોઈસ ફીલિંગ | ૦૫/૦૮/૨૦૧૯ સવાર ૧૧ થી | ૧૦/૦૮/૨૦૧૯ સાંજના ૦૪.૦૦ વાગ્યા સુધી |
| ૨ | આપે ભરેલ ચોઈસ ની ચકાસણી | ૧૧/૦૮/૨૦૧૯ થી ૧૩/૦૮/૨૦૧૯ | |
| ૩ | મોક રાઉન્ડ – પરિણામ | ૧૪/૦૮/૨૦૧૯( સાંજના ૦૪.૦૦ ) | |
| ૪ | પ્રથમ રાઉન્ડ ચોઈસ ફીલિંગ | ૧૯/૦૮/૨૦૧૯ સવાર ૧૧ થી | ૨૬/૦૮/૨૦૧૯ સાંજના ૦૪.૦૦ વાગ્યા સુધી |
| ૫ | આપે ભરેલ ચોઈસ ની ચકાસણી | ૨૭/૦૮/૨૦૧૯ સાંજના ૫.૦૦ સુધી | |
| ૬ | પ્રથમ રાઉન્ડ - સીટ ફાળવણીની જાહેરાત | ૨૮/૦૮/૨૦૧૯( સાંજના ૫.૦૦ ) | |
| ૭ | નિયત કરેલ એક્સીસ બેંકની શાખાઓમાં ફી ચુકવણી અથવા ઓનલાઈન ફી ચુકવણી | ૨૯/૦૮/૨૦૧૯ | ૦૬/૦૯/૨૦૧૯ બપોરે ૩:૩૦ વાગ્યા સુધી |
| ૮ | હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ અને અસલ પ્રમાણપત્રો જમા કરાવવા (૧૦.૦૦ થી ૪.૦૦) | ૨૯/૦૮/૨૦૧૯ | ૦૭/૦૯/૨૦૧૯ બપોરે ૪:૦૦ વાગ્યા સુધી |

- **મોક રાઉન્ડ ફક્ત ચોઈસ ભરવાની પ્રેક્ટીસ માટે જ છે તેથી તેમાં ફાળવેલ પ્રવેશ માટે કોઈ હક્કદાવો રહેશે નહિ. મોક રાઉન્ડમાં ભરેલ ચોઈસમાં કોઈ સુધારો વધારો નહિ કરો તો મોક રાઉન્ડમાં ભરેલ ચોઈસ પ્રથમ રાઉન્ડ માટે અંતિમ ગણવામાં આવશે. .**

પ્રથમ રાઉન્ડમાં આપને ફાળવેલ પ્રવેશના એલોટમેન્ટ લેટરની નકલ તથા બેંક ચલનની નકલ વેબસાઈટ પરથી પ્રિન્ટ કરાવી બેન્કમાં ફી ભરી તથા અસલ પ્રમાણપત્રો લઈને હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહેશે. ઉમેદવારે હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવવા માટે **અગાઉથી અપોઈન્ટમેન્ટ લેવાની રહેશે.** ઉમેદવારે ગુજરાતની નિયત કરેલ એક્સિસ બેન્કની શાખાઓમાં ટ્યુશન ફી બેન્કિંગ કલાકો દરમિયાન રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ( GPNAMEC નામનો ) જમા કરવાની રહેશે. તેમજ www.medadmgujarat.org પરથી ફી ઓનલાઇન ભરી શકાશે. પ્રથમ રાઉન્ડ માટેના અસલ પ્રમાણપત્રો જમા કરાવવા માટેના હેલ્પ સેન્ટરોની સુધારેલ નવી યાદી સમિતિની વેબસાઈટ www.medadmgujarat.org પર મુકવામાં આવશે. **( જાહેર રજાઓ દરમ્યાન બેંક અને હેલ્પ સેન્ટર બંધ રહેશે.)**

**નોંધ:**

- ફી ભર્યાની ચલનની નકલ તથા તમામ અસલ પ્રમાણપત્રો જમા કરાવવા ફરજીયાત છે. હેલ્પ સેન્ટર ખાતેથી આપને ત્યારબાદ એડમિશન ઓર્ડર આપવામાં આવશે.
- પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ માટે ઉપલબ્ધ સંસ્થાઓની માહિતી, ફી ની માહિતી તથા ઉપલબ્ધ બેઠકોની વિગતવાર માહિતી વેબસાઈટ www.medadmgujarat.org પર ઉપલબ્ધ છે **પ્રવેશ સમિતિ દ્વારા અપડેટ કરેલી માહિતી માટે વારંવાર વેબસાઈટ જોતા રહેવું.**

સભ્ય સચિવ

Gujarat Professional Nursing & Allied Medical Education Courses, Gandhinagar